# 'નિલોફર' રાજ્યમાં ત્રાટકવાની શક્યતા

## ખતરાને ધ્યાનમાં લઈ ગાંધીનગર તથા દિલ્હીમાં બેઠકોનો ધમધમાટ : મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ઉચ્ચ અધિકારીઓની તાબડતોડ મિટિંગ કરી પૂર્વ તૈયારીની સમીક્ષા કરી : ભારેથી અતિ ભારે વરસાદ તથા પુરની શક્યતા



ગાંધીનગર, તા.૨૭

અરબી સમુદ્રમાં ઉદભવેલું નિલોફર નામનું વાવાઝોડુ તારીખ ૩૦ અથવા ૩૧મી ઓક્ટોબરે ગુજરાતના કચ્છ ઉપર ત્રાટકે તેવી શક્યતાઓને ધ્યાનમાં લઈ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે સાંજે રાજ્યના ઉચ્ચ અધિકારીઓની એક તાબડતોડ મિટિંગ બોલાવી વાવાઝોડાના સંદર્ભમાં વહીવટીતંત્રએ હાથ ધરેલી પૂર્વ તૈયારીની સમીક્ષા કરી હતી અને તંત્રને જરૂરી દિશાનિર્દેશો પણ આપ્યા હતા. આ બેઠકમાં મુખ્ય સચિવ સહિત અન્ય સચિવો, રાહત કમિશનર, એનડીઆરએફના અધિકારીઓ તથા ઉચ્ચ પોલીસ અધિકારીઓ વગેરે હાજર રહ્યા હતા. આ અગાઉ રાજ્યના મુખ્ય સચિવ ડો. વરેશ સિંહાએ પણ એક રિવ્યૂ મિટિંગ યોજી કેન્દ્ર સરકાર તરફથી પ્રાપ્ત થયેલી સૂચનાઓની સમીક્ષા કરી હતી અને તમામ જિલ્લા કલેક્ટરો તથા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર, રાહત વિભાગ સહિત વહીવટીતંત્રને એલર્ટ કરી તમામ જરૂરી વ્યવસ્થા ઉભી કરવાની તાકિદ કરી હતી તેમજ જરૂર પડે તો અસરગ્રસ્ત વિસ્તારોમાંથી નાગરિકોને સ્થળાંતર કરાવવા જરૂરી તજવીજ હાથ ધરવાની પણ સૂચના આપી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર નિલોફર વાવાઝોડુ હાલમાં ગુજરાતના દરિયાકાંઠાથી ૧૨૦૦ કિલોમીટર દૂર સ્થિત છે. આજ રાતના આઠથી સવારના આઠ સુધી તે ઉત્તર પશ્ચિમ દિશા તરફ જ આગળ વધશે તો ૩૦મીની રાત્રે અથવા ૩૧મીની સવારે કચ્છના નલિયા ઉપર ત્રાટકે તેવી પુરેપુરી સંભાવના છે. આ વાવાઝોડાની અસર સૌરાષ્ટ્ર તથા ઉત્તર ગુજરાત સહિત રાજસ્થાનના અનેક વિસ્તારોમાં થશે જેના કારણે આ તમામ વિસ્તારોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે પરંતુ આ વાવાઝોડુ યમન તરફ ફંટાશે તો ગુજરાત ઉપર આવનારી ઘાત ટળી જશે તેમ તેઓ દાવો પણ સરકારી સૂત્રોએ કર્યો હતો. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગુજરાતના દરિયા કાંઠાથી સમુદ્રમાં માછીમારી કરવા ગયેલા તમામ માછીમારોને પરત ફરવાની તાકિદ કરી છે જે પૈકી અનેક માછીમારો તેમની બોટ સાથે પાછા ફરી રહ્યા છે.

### અન્ય રાજ્યોને સ્પષ્ટ ચેતવણી

### મહારાષ્ટ્ર, કેરળ, રાજસ્થાનને સૂચના

હવામાન વિભાગે મહારાષ્ટ્ર, ગોવા, કેરળ, કર્ણાટક, ગુજરાત, કેન્દ્ર શાસિત પ્રદેશ દમણ અને દીવ તથા દાદરાનગર હવેલી તેમજ લક્ષ્યદ્વીપને નિલોફર વાવાઝોડાને લઈને ચેતવણી જારી કરવામાં આવી છે. હાલમાં ચક્રવાતી વાવાઝોડું અરેબિયન દરિયાના દક્ષિણ, પશ્ચિમ વિસ્તારમાં અને પશ્ચિમ મધ્યમાં સ્થિત છે. આગામી ૭૨ કલાકમાં ઉત્તરગુજરાત અને પાકિસ્તાન તરફ આગળ વધશે અને તે વધુ તીવ્ર બનશે. ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. બીજીબાજુ કચ્છ જિલા કલેક્ટરે નિલોફરને લઈને બેઠકોનો દોર હાથ ધર્યો છે. જિલ્લા કલેક્ટરે કહ્યું છે કે, જિલ્લા વહીવટી તંત્રએ દરિયાઈ સરહદ પર આવેલા ગામોમાં એલર્ટની જાહેરાત કરી છે. ગામોમાં નોટીસ બોર્ડ પર એલર્ટનો ઉલ્લેખ કરાયો છે. ગામોના તલાટી અને સરપંચોને વાવાઝોડાની સંભાવના અંગે માહિતી આપવામાં આવી છે. પરિસ્થિતિ ઉપર નજર રાખવામાં આવી રહી છે. બંદરોને એલર્ટ કરવામાં આવ્યા છે. તાલુકા સ્તરે કંટ્રોલરૂમ સ્થાપિત કરાયા છે.

# તીડના ત્રાસે પ્રાંતિજ તાલુકામાં ડાંગરના પાકનો સફાયો

### ડાંગરના તૈયાર પાક પર તીડનો હુમલો થતા માત્ર ડૂંડા વધ્યા

### કિસાનોની દિવાળી બગડી : રાહત સહાય પેકેજ જાહેર કરવા માંગ

પ્રાંતિજ, તા.૨૭

પ્રાંતિજ તાલુકામાં ડાંગર પકવતા કિસાનોના ડાંગરના તૈયાર પાકમાં તીડનો ઉપદ્રવ થતાં આ કિસાનોની દિવાળી ચિંતાજનક બની છે. આ ઉપરાંત ડાંગરના પાકમાં રોગ અને જીવાત પણ દેખાતા ઉત્પાદનમાં મોટો ફટકો પડવાની શકયતા ઉભી થવા પામી છે.

આ વિસ્તારના ખેડૂતોએ ડાંગરના પાક માટે પાણી, દવાઓ અને મજૂરીનો ખૂબ ભારેખમ ખર્ચ કરીને ડાંગર તૈયાર તો કરી છે પરંતુ ડૂંડામાં દાણા આવતા ંજ 'તીડ' જીવાતે તેને કોરી ખાવાનું ચાલુ કરી દીધું છે. જેના કારણે ઘણા ખેતરોમાં તો ડાંગરના બદલે પરાળનો ઘાસચારો જ દેખાવા પામ્યો છે. 'તીડ' જીવાતના ઝુંડના ઝુંડ ડાંગરના પાક પર ત્રાટકતા આ કિસાનોના મોઢામાં આવેલો કોળિયો ઝુંટવાઈ જવાની ભીતિથી કિસાનો સલવાઈ ગયાં છે. તાલુકાની હજારો હેકટર જમીનમાં ડાંગરનું વાવેતર કરવામાં આવ્યું છે અને આ ડાંગરનો પાક તૈયાર થવાની આરે પહોંચ્યો છે ત્યારે જ તીડના આક્રમણથી ખેતરોના ખેતરો ખાલી થવા માંડયા છે. સરકારે કિસાનોની આ કફોડી પરિસ્થિતિમાં રાહત સહાય પેકેજ જાહેર કરી આ કુદરતી થાપડ સામે ફસાયેલા ખેડૂતોને બચાવી લેવા જોઈએ તેવી આ પંથકમાં માંગ ઉભી થવા પામી છે.



**ટોલબુથ પર વાહનોની હારમાળા** - દિવાળીની રજાઓમાં પરિવાર સાથે બહારગામ ફરવા જનારાઓની સંખ્યા ઉત્તરોઉત્તર વધતી જાય છે. જેમાં ગુજરાતના યાત્રાધામ અંબાજી અને પડોશી રાજ્ય રાજસ્થાન જેવા સ્થળો લોકોની પસંદગી વધુ રહે છે. આ સ્થળોએ જવા આવવા માટે મુખ્ય માર્ગ તરીકે ચિલોડા-હિંમતનગર નેશનલ હાઈવે નં. ૮ નો સૌથી વધુ ઉપયોગ થાય છે જેના કારણે હાલ પ્રાંતિજના કતપુર (વડવાસા) નજીક આવેલા હાઈવે ટોલ બુથ પર વાહનોની લાંબી કતારો લાગે છે. દરેક વાહનને અહીં લગભગ ૩૦ મિનિટ રાહ જોયા પછી તેનો નંબર લાગે તેવી પરિસ્થિતિ સર્જાઈ રહી છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# રાયપુર કેનાલ નજીક ચાલુ એક્ટીવા પરથી સોનાના દોરાની ચીલઝડપ

ગાંધીનગર, તા. ૨૭

ડભોડા નજીક રાયપુર નર્મદા કેનાલ પાસે એક્ટીવા સવાર મહિલાના ગળામાંથી ગત રોજ બાઈક પર આવેલ ચેનસ્નેચરોએ ચીલઝડપે સોનાનો દોરો ખેંચી પળવારમાં જ પલાયન થઈ ગયા હતા. અંદાજે રૂ. ૨૫,૦૦૦ ની કિંમતના સોનાના દોરાની તડફંચી મામલે ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ દહેગામ નજીકના નાંદોલ ગામે ચોરવાડી શેરીમાં રહેતા વિકલાંગ દંપતિ દિલીપભાઈ પશાભાઈ પટેલ તેમની પત્ની ઈલાબેન અને તેમની પુત્રી અને પુત્ર સાથે ટુવ્હીલર એક્ટીવા નં. જીજે-૧૮-સીડી-૨૨૮૭ પર તહેવાર નિમિત્તે સંબંધીના ઘરે જઈ રહ્યા હતા. આ દરમિયાન નર્મદા રાયપુર-લિંબડીયા કેનાલ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પાછળથી પુરપાટ ઝડપે પલ્સર બાઈક પર મોઢે રૂમાલ બાંધીને આવેલ બે શખ્સોએ એક્ટીવા પર પાછળ બેઠેલા ઈલાબેનના ગળામાં રહેલ સોનાના દોરાની ચીલ ઝડપ કરી આંખના પલકારે જ પલાયન થઈ ગયા હતા. આ સંદર્ભે દિલીપભાઈ પટેલે ડભોડા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સોનાના દોરાની અંદાજે કિં. રૂ. ૨૫ હજાર આંકી અજાણ્યા ચેન સ્નેચરો વિરૂદ્ધ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

# મોડાસામાં રજાઓના પગલે કરફ્યુ જેવો માહોલ



(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લાના વડુમથક એવા મોડાસા શહેરમાં દિવાળીના દિવસ સુધી શહેરના તેમજ આજુબાજુના ગામડાઓની જનતા ખરીદી કરવા ઉમટી પડી હોવાના કારણે મોડાસા શહેર જાણે અમદાવાદના લાલ દરવાજા બજારમાં હોય તેટલી ભીડ જોવા મળી હતી. દિવાળીની સાંજ સુધી બજારમાં લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. તેમજ મોડાસા શહેરના વેપારીઓ પણ રોકડી કરી લેવાના મુડમાં હોવાથી અંદાજે રાત્રે ૧૨ વાગ્યા સુધી લોકોનો જમાવડો જોવા મળ્યો હતો. વેપારીઓ તેમજ નાના નાના દુકાનદારો પણ દિવાળીની રાત્રે હિન્દુ રીત રીવાજ મુજબ પોતાના ધંધા રોજગારનુ પૂજન કરી મીની વેકેશન માણવા હિલ સ્ટેશન તથા વિવિધ પવિત્ર યાત્રાધામ સ્થળોએ પોતાના પરિવાર સાથે પ્રવાસે નિકળી જતા મોડાસા શહેરનું જનજીવન જાણે એકાએક થંભી ગયુ હોય તેવો આભાસ થઈ રહ્યો હતો. મોડાસા શહેરના બસસ્ટેન્ડ એરીયાથી લઈને શામળાજી રોડ ઉપર તેમજ માલપુર રોડ અને મેઘરજ રોડ ઉપર આવેલા વેપારીઓએ લાંભપાંચમના દિવસે મુહૂર્ત કરી ધંધા રોજગારની શુભ શરૂઆત કરશે તેવું જણાવ્યું હતું. તેમજ દિવાળી વેકેશન હોવાથી સ્કૂલ, કોલેજો પણ બંધ હોવાથી મોડાસા શહેર સુમસામ બની ગયું હતું. જીવન જરૂરીયાત વસ્તુઓ ખરીદવા માટે પણ મોડાસાની જનતાએ એકાદ બે કિલોમીટરના ફેરા ખાવા પડતા હતા. આવતીકાલે લાંભ પાંચમ હોવાથી મોડાસા શહેર ફરીથી પૂર્વવત બની જશે. જાણે કે મોડાસા શહેર ફરીથી ધબકતુ જોવા મળશે.

# માણસા ખાતે જલારામ જયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા.૨૭

પ.પૂ. જલારામ બાપાની ૨૧૫મી જન્મજયંતિની ઉજવણી સમગ્ર રાજયમાં કરવામાં આવનાર છે ત્યારે માણસા ખાતે ધામધૂમ પૂર્વક વિરપુરવાળા બાપાની જન્મ જયંતિ ઉજવવામાં આવશે.

જલારામ બાપાની ૨૧૫મી જન્મ જયંતિ નિમિત્તે શોભાયાત્રા તા. ૩૦ ઓકટોબરના રોજ બપોરે ૨ કલાકે માણસા મહાકાળી માતાજીના મંદિરેથી નિકળી સમગ્ર માણસા શહેરમાં ભ્રમણ કરી આનંદીમાના વડલા ખાતે પહોંચશે.

# પાલનપુરમાં સોની સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાયો

પાલનપુર, તા. ૨૭

પાલનપુર શહેર ખાતે શનિવારે સોની સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાયો હતો. સોનીની વાડી ખાતે યોજાયેલ આ સમારંભમાં ભગવાન સત્યનારાયણની કથાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

પાલનપુરના ગોબરી રોડ પર આવેલ સોનીની વાડી ખાતે ધાન્ધાર ગઢવાડા વિસા શ્રીમાળી સોની સમાજ યુથ ક્લબ દ્વારા નવા વર્ષ નિમિત્તે સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યુ ંહતું. આ સાથે આ સમારંભમાં ભગવાન સત્યનારાયણની કથાનું પણ આયોજન કરવામાં આવ્યુ હતું. આ સમારંભમાં સોની સમાજના જ્ઞાતિબંધુઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી એકબીજાને નૂતન વર્ષના અભિનંદન પાઠવ્યા હતા અને શુભેચ્છાઓની આપ-લે કરી હતી. આ પ્રસંગે યુથ ક્લબ દ્વારા સોની સમાજના નવા વરાયેલા પ્રમુખ-મંત્રી અને કારોબારીના હોદ્દેદારોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં સોની સમાજના પ્રમુખ રમેશચંદ્ર સોની, મંત્રી મહેન્દ્રકુમાર સોની, સોમાલાલ સોની, અશોકકુમાર સોની, યુથ ક્લબના પ્રમુખ મહેશભાઈ સોની, મંત્રી પરેશકુમાર સોની, ઉપપ્રમુખ ગીરીશકુમાર સોની, દિલીપકુમાર સોની, ભરતભાઈ સોની, કિરણભાઈ સોની, પિયુષભાઈ સોની સહિત સમાજના જ્ઞાતિ બંધુઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કુપોષણ મુક્ત

● અનુસંધાન પહેલાનું ચાલુ

અભિયાનનું અસરકારક મોનીટરીંગ માટે પણ ખાસ અલાયદુ વ્યવસ્થાપન ઉભુ કરવામાં આવ્યું છે. આવા બાળકોને નિયમિત પોષણક્ષમ આહાર અને આરોગ્ય વિષયક સેવાઓનું આરોગ્ય તંત્ર અને બાળ કલ્યાણ વિકાસ તંત્ર વિશેષ સંકલન સાથે મોનીટરીંગ કરી રહેલ છે.

અતિ કુપોષિત ગ્રેડમાં આવતા બાળકોને પોષણક્ષમ બનાવવા માટેની આવી વ્યુહરચના તૈયાર કરી દેવામાં આવી છે. જેમાં તિથીભોજન, પોષણક્ષમ વાનગીઓનું વિતરણ આંગણવાડી કેન્દ્રોમાં થાય તેના પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરાયું છે. આ ઉપરાંત સામાજિક જાગૃતિનું પણ અભિયાન અલગથી ચલાવવામાં આવી રહ્યું છે.

## મિજાજ બદલાયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આગામી બે દિવસ બાદ સૌરાષ્ટ્રના જૂનાગઢ, પોરબંદર, રાજકોટ, જામનગર અને કચ્છ જિલ્લામાં ભારે વરસાદ થવાની દહેશત છે. ભારે પવન સાથે વરસાદ થવાની શક્યતા સાથે અત્યારથી જ વાતાવરણમાં પલ્ટો જોવા મળી રહ્યો છે. મુંબઈથી ૧૪૭૦ કી.મી. દૂર અરબી સમુદ્રમાં હવાનું દબાણ સર્જાતા આ વાવાઝોડુ ઉભુ થયું છે. જ્યારે આ વાવાઝોડાની અસરની ગુજરાતના વિસ્તારોમાં પણ હવામાનમાં બદલાવ જોવા મળી રહ્યો છે. ગત સપ્તાહ દરમિયાન નગરમાં ફુલ ગુલાબી ઠંડીનો અહેસાસ હતો બાદ હાલ નગરજનો વાતાવરણમાં ઉકળાટ પણ અનુભવી રહ્યા છે. વહેલી સવારે અને મોડી રાત્રે વાતાવરણમાં ગુલાબી ઠંડીનો અહેસાસ કરતા શહેરીજનો દિવસ દરમિયાન ઉકળાટનો અનુભવ કરી રહ્યા છે.

આજે દિવસ દરમિયાન વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ વધારે રહ્યું છે. પરંતુ સવારે ભેજનું પ્રમાણ ૭૯ ટકા અને સાંજે ૫૫ ટકા ભેજ રહ્યો હતો. નવા વર્ષના પ્રારંભે અચાનક વાતાવરણમાં પલ્ટો અસ્તિત્વમાં આવતા નગરજનોમાં પણ અચરજ પ્રવર્ત્યુ છે. આજે પણ દિવસ દરમિયાન આકાશમાં છવાયેલા વાદળો વચ્ચે તડકી-છાયડીનો માહોલ જોવા મળ્યો હતો. આકાશી નઝારો બદલાતા વાતાવરણનો નાટ્યાત્મક પલ્ટો ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો.

## અર્થકારણ ધબકશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બજારો, શોપીંગો, ફેક્ટરીઓ આજથી ધમધમી ઉઠશે. આજના દિવસે વેપારીઓ શુભ મુહૂર્તમાં દુકાન, ઓફિસ કે ફેક્ટરીના ઉંબરે કંકુથી સ્વસ્તિક ચિત્ર દોરી તેમજ આસોપાલવનું તોરણ લગાવી ધંધાની શરૂઆત કરશે.

પાંચ દિવસથી બંધ નગર અને જિલ્લાના બજારોથી અર્થકારણ ધબકતુ બનશે. વેપારીભાઈઓ એકબીજાને શુભેચ્છા પાઠવશે. અને ગોળ ધાણા ખવડાવી એક બીજાનું મોં મીઠું કરાવશે. તેમજ વેપારીઓ બ્રાહ્મણો બોલાવી વિશેષ પૂજા-અર્ચના કરાવશે. પોતાનો વેપાર ફુલ્યો ફાલ્યો રહે તે માટે ચોપડામાં મીતી લખીને શરૂઆત કરશે.

આજના દિવસે દરેક નાનો-મોટો વેપારી હોય કે બિઝનેશમેન પોતાના ધંધાને શુકન સ્વરૂપે વસ્તુનું વેચાણ કરશે. મોટર ગેરેજ, વીમા એજન્ટો, જ્વેલર્સો, ક્લોથ માર્કેટ, કરિયાણાના વેપારીઓ આખા મીઠાને શુકન સ્વરૂપે માતાજીના આગળ મુકશે.

## ફાઈવ સ્ટાર હોટલ

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

એનાઉન્સમેન્ટ સિસ્ટમ સહીતની જરુરી સુવિધાઓ લોક ઉપયોગી થઈ શકી નથી. એકબાજુ રેલવે બજેટમાં દર વર્ષે કેપીટલ સ્ટેશનને અન્યાય થતો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે જયારે અગાઉ મુખ્યમંત્રીએ કેન્દ્ર સરકારને વધુ ટ્રેઈનો ફાળવવા રજૂઆત કર્યા બાદ ગાંધીનગરને નવી ટ્રેઈનો મળે તેવી શકયતાઓ પ્રબળ બની છે. આવા સંજોગોમાં થોડા સમયમાં જ મુંબઈ રેલવે વિભાગની ટીમે બે વખત કેપીટલ સ્ટેશનની મુલાકાત લઈ સર્વે હાથ ધરતા સ્ટેશન સંબંધિત નવા ફેરફારો થાય તેવી શકયતાઓ ઉજ્જવળ બની છે. દિવાળી દરમિયાન પણ રેલવે વિભાગના અધિકારીઓએ પ્લેટફોર્મ નંબર-૨ ઉપર જરુરી સર્વે હાથ ધર્યો હતો જેના પગલે રેલવે સ્ટેશનને નવી ટ્રેઈનો ફાળવવા ઉપરાંત આ વિસ્તારમાં મહાત્મા મંદિરને અનુલક્ષી ફાઈવસ્ટાર હોટલ બનાવવાની ગતિવિધિઓ હરકતમાં આવી હોવાનો સૂર પણ ઉઠવા પામ્યો છે.

**જોઈએ છે**
કોમ્પ્યુટર ઓપરેટર
ગુજરાતી તથા અંગ્રેજીના ટાઈપીંગના અનુભવી
કોન્ટેક્ટ
૭૩૫૯૨૮૧૫૮૮
૨૩૨ ૧૦૯૪૫

**નામ બદલેલ છે**
મારું લગ્ન પહેલાનું નામ શૈલકુમારી હતું તે લગ્ન પછી બદલીને શૈલદેવી રાખેલ છે.
શૈલદેવી
પ્લોટ નં. ૭૯૪/૧, સેક્ટર-૫/સી, ગાંધીનગર

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦